GPPS Y20 – FAQs

સર્વે વિશે

આ સર્વે શા માટે થઈ રહ્યો છે?

GP Patient Survey પેશન્ટને તેની GP પ્રેક્ટિસ અને અન્ય સ્થાનિક NHS સેવાઓના અનુભવ વિશે અભિપ્રાય આપવા માટેની તક પૂરી પાડવા રચવામાં આવેલ છે

સર્વે તમારી સ્થાનિક GP પ્રેક્ટિસ અને અન્ય સ્થાનિક NHS સેવાઓ વિશેના પ્રશ્નો પૂછશે અને તમારા સામાન્ય સ્વાસ્થ્ય વિશેના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવેલ છે. તેમાં વિવિધ વિષયો વિશેના પ્રશ્નોનો સમાવેશ થાય છે, જેમ કે GPમાટે તમારી પ્રેક્ટિસનો સંપર્ક કરવો કેટલું સરળ અથવા મુશ્કેલ છે , આરોગ્ય વ્યાવસાયિકો પાસેથી તમે જે સંભાળ મેળવો છો તેની ગુણવત્તા અને જ્યારે તમારી GP પ્રેક્ટિસ બંધ થઈ જાય ત્યારે NHS સેવાઓનો અનુભવ. સર્વેમાં NHS NHS ડેન્ટલ અને ફાર્મસી સેવાઓ વિશેના મૂલ્યાંકન કરતા પ્રશ્નોનો પણ સમાવેશ થાય છે.

અમને મળેલા જવાબો NHS ને તમારા અને તમારા પરિવાર જેવા લોકો માટેની સ્થાનિક આરોગ્ય સેવાઓને વધુ સારી બનાવવામાં મદદરૂપ થશે. તે મહત્વપૂર્ણ છે કે તમે તાજેતરમાં જ તમારી GP પ્રેક્ટિસની મુલાકાત લીધી ન હોય, અથવા તમે પહેલાં પ્રશ્નાવલિ ભરી દીધી હોય તો પણ અમે તમારા અનુભવો વિશે સાંભળીએ.

આ ખરેખર કોના તરફથી છે?

Ipsos, જે એક સ્વતંત્ર સર્વે એજન્સી છે, તે NHS England વતી આ સર્વે ચલાવી રહી છે.

ભાગ લેવા માટે મને કેમ આમંત્રણ આપવામાં આવેલ છે?

તમને ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે કારણ કે ઇંગ્લેન્ડના GP સાથે નોંધાયેલા તમામ પુખ્ત દર્દીઓમાંથી તમને યાદૃચ્છિક પદ્ધતિએ પસંદ કરવામાં આવ્યા હતા. આ વર્ષે GP Patient Survey મેળવવા માટે ઇંગ્લેન્ડમાં GP સાથે નોંધાયેલા 16 વર્ષથી વધુ વયના લગભગ 3 મિલિયન દર્દીઓની પસંદગી કરવામાં આવી છે.

મને એક ટેક્સ્ટ મેસેજ શા માટે મોકલવામાં આવ્યો હતો? શું તે આધારભૂત છે?

સર્વેમાં ભાગ લેવા માટે જ્યાં મોબાઈલ નંબર ઉપલબ્ધ હોય ત્યાં, અમે ટેક્સ્ટ મેસેજિસને રિમાઇન્ડર તરીકે મોકલીએ છે.

બે પ્રકારના ટેક્સ્ટ મેસેજિસ હોય છે. તમને કયા પ્રકારનો ટેક્સ્ટ મેસેજ મળશે તે તમારા ફોન પ્રદાતા અને ડિવાઇસ પર આધારિત હોય છે. ડાબી બાજુએ દર્શાવાયેલું સરળ વર્ઝન 'NHS_Survey' તરફથી મોકલવામાં આવશે, જમણી બાજુએ દર્શાવાયેલા વર્ઝનમાં સર્વેનો લોગો શામેલ હશે અને તે 'NHS GP Patient Survey' તરફથી મોકલવામાં આવશે.

દરેક ટેક્સ્ટ મેસેજમાં એક વિશિષ્ટ લિંક હોય છે, ક્યાં તો મેસેજમાં અથવા તો 'ભાગ લો' બટન મારફતે. આ તમને તમારો અંગત સર્વે કોડ દાખલ કરવાની જરૂર પડ્યા વિના ઑનલાઇન ભાગ લેવા દેશે.



તમે સર્વેમાં ભાગ લેવા માટે તમને આમંત્રણ આપતા ઇ-લેટરની અનન્ય લિંક સાથેનો ટેક્સ્ટ મેસેજ પણ પ્રાપ્ત કરી શકો છો. આ તમને તમારો વ્યક્તિગત સર્વે કોડ દાખલ કર્યા વિના ઓનલાઈન ભાગ લેવા દેશે.

મને એક ઈમેલ શા માટે મોકલવામાં આવ્યો છે? શું તે આધારભૂત છે?

અમારી પાસે જેઓનું ઈમેલ એડ્રેસ હોય, તેવા લોકોને અમે સર્વેમાં ભાગ લેવા માટે ઈમેલ રિમાઇન્ડર્સ મોકલીશું.

ઈમેલ રિમાઇન્ડર્સ 'nhsgppatientsurvey@ipsosresearch.com' પરથી મોકલવામાં આવશે. દરેક ઈમેલમાં એક અનન્ય લિંક છે. આનાથી તમે તમારો વ્યક્તિગત સર્વે કોડ દાખલ કર્યા વિના ઓનલાઈન ભાગ લઈ શકશો.

જો તમે ઈમેલનો જવાબ આપશો, તો જવાબ સીધો અમારી હેલ્પલાઇન ટીમને મોકલવામાં આવશે. અમારી હેલ્પલાઇન પરથી જવાબો 'GPPatientSurvey@ipsos.com' પરથી આવશે.

ઈમેલ કેટલીક વાર તમારા જંક અથવા સ્પામમાં જતા રહે છે, માટે જો તમને ઈમેલ ન મળ્યો હોય, તો કૃપા કરીને આ ફોલ્ડર્સ તપાસો.

શા માટે આ સર્વે ફરીથી થઈ રહ્યો છે?

GP Patient Survey તેઓની GP પ્રેક્ટિસ દ્વારા આપવામાં આવતી કાળજી અને સેવાના તેઓના અનુભવ વિશે પેશન્ટના પ્રતિભાવો ઉપલબ્ધ કરાવે છે. અમે દર વર્ષે GP Patient Survey ચલાવીએ છીએ જેથી સમયાંતરે ફેરફારને ટ્રેક કરવામાં આવે અને સેવાઓની ગુણવત્તા પર નજર રાખી શકાય. આ સર્વે NHSને GP પ્રેક્ટિસ અને અન્ય સ્થાનિક NHS સેવાઓ સુધારવામાં મદદ કરશે, જેથી તેઓ તમારી જરૂરિયાતોને વધુ સારી રીતે પૂરી કરી શકે.

જો તમે ગયા વર્ષે સર્વેમાં ભાગ લીધો હોય તો પણ અમારા માટે તમારા વધુ હાલના અનુભવો વિશે જાણવું મહત્ત્વનું છે.

જો મારે ભાગ ન લેવો હોય તો મારે કોનો સંપર્ક કરવો જોઈએ?

સહભાગિતા સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે. અમને આશા છે કે તમે ભાગ લેશો કારણ કે તે અમને લોકોની GP પ્રેક્ટિસ અને અન્ય સ્થાનિક NHS સેવાઓના અનુભવોનું શ્રેષ્ઠ સંભવિત ચિત્ર આપે છે.

જો તમે આ સર્વે વિશે કોઈ રિમાઇન્ડર મેળવવા માંગતા ન હો, તો કૃપા કરીને Ipsos સર્વે હેલ્પલાઇનનો ફ્રી ફોન 0800 819 9135 (સોમવારથી શુક્રવાર સવારે 8 થી સાંજના 9 સુધી; શનિવારે સવારે 10 થી સાંજના 5 સુધી) પર સંપર્ક કરો. તમે Ipsos ને GPPatientSurvey@ipsos.com પર પણ ઈમેલ કરી શકો છો.

કૃપા કરીને તમારો સર્વે કોડ પ્રદાન કરવા માટે તૈયાર રહો, જે તમને પત્રની મધ્યમાં મળી શકે છે.

મને મારી GP પ્રેક્ટિસ વિશે ફરિયાદ છે જેનો સર્વેમાં સમાવેશ થતો નથી. હું મારી ફરિયાદ કેવી રીતે કરી શકું?

Ipsos તમારા ડૉક્ટર, નર્સ અથવા GP GP પ્રેક્ટિસ વિશે તમને અન્ય કોઈ પ્રશ્નો અથવા ફરિયાદો કરવામાં તમારી મદદ કરી શકશે નહીં. Ipsos ફક્ત NHS England વતી GP Patient Survey ચલાવી રહ્યું છે.

જો તમે તમારી GP પ્રેક્ટિસ વિશે કોઈ પણ ટિપ્પણી કરવા માંગતા હો, તો તમે અન્ય રીતે લેખિત પ્રતિક્રિયા આપી શકો છો. ઉદાહરણ તરીકે, તમારીGP પ્રેક્ટિસે ફ્રેન્ડ્સ એન્ડ ફેમિલી ટેસ્ટ (FFT) પ્રદાન કરવા જોઈએ જે તમને તમારા અનુભવ વિશે ટિપ્પણીઓ કરવા દે છે. તમે Care Opinion જેવી વેબસાઇટ્સ પર ટિપ્પણીઓ પોસ્ટ કરીને તમે પ્રાપ્ત કરેલી સેવાઓ પર પ્રતિક્રિયા પણ પ્રદાન કરી શકો છો. પ્રતિક્રિયા કેવી રીતે આપવી તે અંગેની વધુ માહિતી NHS Englandની વેબસાઇટ પર મેળવી શકાય છે: https://www.england.nhs.uk/participation/get-involved/how/feedback/.

જો તમે તમારી GP પ્રેક્ટિસ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવા અથવા સંભાળ અંગે ફરિયાદ કરવા માંગતા હો, તો તમે પસંદ કરી શકો છો કે પ્રેક્ટિસમાં અથવા કમિશનરને સીધી ફરિયાદ કરવી કે નહીં, જે સંસ્થા છે જે તમને પ્રાપ્ત થતી સેવા અથવા સંભાળ માટે ચૂકવણી કરે છે. For GP સેવાઓ માટે કમિશનર તમારું સ્થાનિક ઇન્ટિગ્રેટેડ કેર બોર્ડ (ICB) છે. ઘણી વાર પ્રેક્ટિસ તમારા માટે સ્થાનિક રીતે આ બાબતને હલ કરવામાં સમર્થ હશે. જો તમે તમારા સ્થાનિક ICBને ફરિયાદ કરવાનું પસંદ કરો છો, તો તમે આ વેબસાઇટ પર તેમનો સંપર્ક કેવી રીતે કરવો તે જાણી શકો છો: NHS England » Contact your local integrated care board (ICB)

ફરિયાદ કેવી રીતે કરવી તે અંગેની વધુ માહિતી નીચેની વેબસાઇટ પર જોઈ શકાશેઃ
NHS England » Feedback and complaints about NHS services

શું હું સર્વેના પરિણામો જોઈ શકું?

હા. હા, સર્વેના પરિણામો પ્રકાશિત થાય છે અને www.gp-patient.co.uk પર જોઈ શકાશે.

સર્વે પૂરો કરવો:

શું મારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે?

"તમારા વિશે" વિભાગના કોઈપણ વસ્તી વિષયક પ્રશ્નો સહિત આ કોઈ પણ પ્રશ્નોના જવાબ આપવા સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે. તમારે જવાબ આપવા જ પડશે એવું નથી. પણ અમે આશા રાખીએ છીએ કે તમે ભાગ લેશો, કારણ કે આનાથી અમને લોકોના અનુભવોનું શ્રેષ્ઠ સંભવ ચિત્ર મળશે

ઑનલાઇન સર્વે તમારા માટે પ્રસ્તુત ન હોય તેવા તમારા અગાઉના જવાબોના આધારે કેટલાક પ્રશ્નોને આપમેળે છોડી દેશે. જો તમે કાગળ પ્રશ્નાવલિઓનો ઉપયોગ કરીને ભાગ લો છો, તો કૃપા કરીને સૂચનાઓને કાળજીપૂર્વક અનુસરો.

સર્વેમાં ભાગ લેવા માટે જો મને મદદની જરૂર હોય તો શું કરવું?

Ipsos જેમને પ્રશ્નાવલિ પૂરી કરવામાં તકલીફ હોય તેવા દર્દીઓ માટે ટેલિફોન નંબર પૂરો પાડી રહ્યાં છે. કૃપા કરી સોમવારથી શુક્રવાર દરમિયાન સવારે 8 થી રાત્રે 9 સુધી અથવા શનિવારે સવારે 10 થી સાંજે 5 સુધીમાં ફ્રીફોન 0800 819 9135 પર ફોન કરો.

પ્રશ્નાવલિના પ્રથમ પાના પરનું BSL ચિહ્ન શું છે?

પ્રશ્નાવલિના પ્રથમ પાના પરનું BSL ચિહ્ન, British Sign Language (મૂક-બધિરો માટેની ભાષા)નો લોગો છે.

British Sign Language (BSL) બ્રિટનમાં વપરાતી સર્વ સામાન્ય ઇશારાઓની ભાષા છે. ભાષા તરીકે BSL નું તેનું પોતાનું વ્યાકરણ અને રચનાશાસ્ત્ર છે અને તે બોલચાલની અંગ્રેજી પર આધારિત નથી કે તેની સાથે નજીકથી સંબંધિત નથી.

જાન્યુઆરી 2009થી GP Patient Survey વિશે વધુ માહિતી અને સર્વેનું એક ઓનલાઇન સ્વરૂપ British Sign Languageમાં BSL વપરાશકર્તા પેજ મારફતે ઉપલબ્ધ છે.

શું મારા વતીથી મારા જીવનસાથી / મિત્ર / કોઈ બીજા વ્યક્તિ આ સર્વે ભરવા કહી શકું છું?

આ સર્વે પત્રમાં જેનું નામ આપવામાં આવેલું છે તેના પોતાના અનુભવો વિશે પ્રશ્નો પૂછે છે. માટે તમે પ્રશ્નાવલિ ભરવામાં મદદ લઈ શકો, પણ તમારે તેને તમારા પોતાના અનુભવો વિશે જ પૂરી કરવાની છે.

શું હું કોઇને પ્રશ્નાવલિ ભરવામાં મદદ કરી શકું?

હા, તેનો વાંધો નથી. જો કોઇ મિત્ર કે સગાને પ્રશ્નાવલિ ભરવામાં તમારી મદદની જરુર હોય તો તમે તે આપી શકો. પણ જવાબો માત્ર તેમના અનુભવો વિશે જ હોવા જોઈએ.

શું હું અન્ય કોઈ વ્યક્તિ વતી સર્વે ભરી શકું છું?

જો કોઈને સર્વે પૂર્ણ કરવામાં તમારી મદદની જરૂર હોય તો તમે મદદની ઓફર કરી શકો છો. પરંતુ જવાબો તેમના અનુભવ વિશે હોવા જોઈએ.

જો તમારા સંબંધી અથવા મિત્રમાં ભાગ લેવાની ક્ષમતા ન હોય, તો જો તેઓએ તમને તેમ કરવાની પરવાનગી આપી હોય, તો તમે તેમના વતી સર્વે પૂર્ણ કરી શકો છો. કૃપા કરીને તેમના અનુભવ વિશેના તમામ પ્રશ્નોના જવાબ માત્ર તેમના જ આપો, જેમાં સર્વેના અંતે જનસાંખ્યિક પ્રશ્નોનો પણ સમાવેશ થાય છે.

Ipsos એવા દર્દીઓ માટે ફ્રીફોન સર્વે હેલ્પલાઇન પણ પ્રદાન કરે છે જેમને પ્રશ્નાવલિ ભરવામાં સમસ્યા હોય છે. કૃપા કરી સોમવારથી શુક્રવાર દરમિયાન સવારે 8 થી રાત્રે 9 સુધી અથવા શનિવારે સવારે 10 થી સાંજે 5 સુધીમાં 0800 819 9135 પર ફોન કરો.

મેં ગયા અઠવાડિયે / ગયા મહિને / થોડા સમય પહેલા જ મારી પ્રેક્ટિસ બદલી, શું મારે તો પણ પ્રશ્નાવલિ પૂરી કરવી જોઇએ?

જો તમે ઓક્ટોબર 2025 થી તમારી GP પ્રેક્ટિસમાં ફેરફાર કર્યો છે, તો કૃપા કરીને તમે અગાઉ નોંધણી કરાવી હોય તે પ્રેક્ટિસ વિશેના પ્રશ્નોના જવાબ આપો, તમારી GP પ્રેક્ટિસ વિશે પૂછાતા પ્રશ્નોના જવાબ આપો. જો કે, તમારી અગાઉની એપોઇન્ટમેન્ટ વિશેના પ્રશ્નો માટે, કૃપા કરીને તે સ્થળ વિશે વિચારો જ્યાં તમને સામાન્ય પ્રેક્ટિસ માટે એપોઇન્ટમેન્ટ મળી હોઇ શકે છે. આ કોઇ પણ સામાન્ય પ્રેક્ટિસ સ્થળ, જેમ કે GP પ્રેક્ટિસ અથવા GP હબ અથવા આરોગ્ય કેન્દ્ર જેવા અન્ય પરિસર હોઇ શકે છે.

મારે તેને કયાર સુધીમાં ભાગ લેવાનો રહેશે?

કૃપા કરી શક્ય એટલી ઝડપથી ભાગ લો અને ખાતરી કરો કે આ તારીખ પહેલા તમે સર્વે પૂરો કરી લીધો હોય: 31 માર્ચ 2026.

પ્રશ્નાવલિ ઓનલાઈન પૂરી કરવી:

ઑનલાઇન સર્વે પૂરો કરવા માટે જરૂરી મારો સર્વે કોડ મારાથી ખોવાઈ ગયો છે. શું મને તે ફરી મળી શકે?

જો તમારાથી તમારો સર્વે કોડ ખોવાઇ ગયો હોય, તો કૃપા કરીને તમારી વિનંતી સાથે GPPatientSurvey@ipsos.com ને ઈમેલ કરો, અને અમે તમને તે પાછો ઈમેલ કરીશું. આમાં કેટલાક દિવસોનો સમય લાગી શકે છે કારણ કે બધા સર્વે નંબર અને પાસવર્ડ સુરક્ષિત રીતે રાખવામાં આવે છે.

વૈકલ્પિક રીતે, તમે આગલો રીમાઇન્ડર પત્ર અથવા ટેક્સ્ટ મેસેજ પ્રાપ્ત કરો ત્યાં સુધી રાહ જોઈ શકો છો, જે સર્વે ભરેલ ન હોય તેવી દરેક વ્યક્તિને મોકલવામાં આવશે. તમારો સર્વે કોડ પત્ર પર છાપવામાં આવશે.

ઓનલાઇન ભાગ લેવા માટે મને સર્વે કોડ ક્યાંથી મળી શકે છે?

જો તમને પત્ર મળ્યો હોય, તો સર્વે કોડ વચ્ચે આપેલ બૉક્સમાં પ્રિંટ કરેલો હોય છે. તે 12 અક્ષરોનો હોય છે અને આવો દેખાય છે: XXXX-XXXX-XXXX. દાખલા તરીકે, 2BPH-8D7J-MKYB અથવા 3BPH-8D7J-MKYB. જ્યારે તમે ઓનલાઈન સર્વેમાં તમારો સર્વે કોડ દાખલ કરો છો, ત્યારે કૃપા કરીને દરેક બોક્સમાં 4 અક્ષરો લખો.

જો તમને કોઈ ટેક્સ્ટ મેસેજ અથવા ઈમેલ મળે, તો તેમાં એક અનન્ય લિંક હશે, જે તમને તમારો સર્વે કોડ દાખલ કરવાની જરૂર પડ્યા વિના ઑનલાઇન ભાગ લેવાને સક્ષમ બનાવે છે.

કેટલાક ટેક્સ્ટ મેસેજિસમાં આમંત્રણ ઈ-લેટરની લિંકનો સમાવેશ થાય છે જેમાં ઉપર તમારો સર્વે કોડ હોય છે અને જે સર્વેમાં કેવી રીતે ભાગ લેવો તે સમજાવે છે. ઈ-લેટરમાં એક સીધી લિંકનો પણ સમાવેશ થાય છે, જે તમને સર્વે પર ડાયરેક્ટ કરશે.





તમને ઓનલાઇન સર્વેમાં ભાગ લેવા આમંત્રણ આપતા અથવા યાદ અપાવતા ઈમેલ પ્રાપ્ત થઈ શકે છે. તેમાં પણ ઓનલાઈન સર્વેની અનન્ય લિંક હશે.

ભાગ લેવો:

મને કેમ સર્વેમાં ભાગ લેવા માટે આમંત્રણ અપાયું નથી? હું કેવી રીતે ભાગ લઈ શકું?

આ સર્વે યાદૃચ્છિક રીતે પસંદ કરાયેલા એવા લોકોને મોકલવામાં આવે છે, જે ઇંગલેન્ડમાં કોઇ GP સાથે નોંધાયેલા હોય. સર્વે માન્ય છે તે સુનિશ્ચિત કરવા માટે, Ipsos એવા લોકોને આમંત્રિત ન કરી શકે જેમને અગાઉથી જ યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યા ન હોય.

જો કે, NHS England તેમને મળતી સેવાઓ અંગે દર્દીઓના અભિપ્રાયો સાંભળવા માટે પ્રતિબદ્ધ છે, અને તમે અન્ય રીતોથી પણ પ્રતિક્રિયા આપી શકો છો. દાખલા તરીકે, તમારી GP પ્રેક્ટિસે ફ્રેન્ડ્સ એન્ડ ફેમિલી ટેસ્ટ (FFT) ઓફર કરવી જોઇએ, જે તમને તમારા અનુભવ વિશે ટિપ્પણીઓ કરવા દે છે. તમે NHS વેબસાઇટ અને Care Opinion સહિતની વેબસાઇટ્સ પર ટિપ્પણીઓ પોસ્ટ કરીને તમે પ્રાપ્ત કરેલી સેવાઓ પર પ્રતિક્રિયા પણ આપી શકો છો.

વૈકલ્પિક રીતે, તમે કમિશનરને પ્રતિક્રિયા આપી શકો છો, જે એવી સંસ્થા છે જે તમે પ્રાપ્ત કરો છો તે સેવા અથવા સંભાળ માટે ચૂકવણી કરે છે. GP સેવાઓ માટે તમારે તમારા સ્થાનિક ઇન્ટિગ્રેટેડ કેર બોર્ડ (ICB)નો સંપર્ક કરવો જોઇએ.

મેં હાલમાં મારા GPનો સંપર્ક કે વિઝિટ કરેલ નથી, શું મારે તેમ છતાં ભાગ લેવો જોઇએ?

હા, તમે હજી પણ ભાગ લઈ શકો છો. તમે તાજેતરમાં જ કોઈ GP, નર્સ અથવા અન્ય આરોગ્યસંભાળ વ્યાવસાયિક સાથે એપોઇન્ટમેન્ટ લીધી ન હોય તો પણ તમારા જવાબો અમારા માટે મૂલ્યવાન છે. આ સર્વેમાં એવા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે જે પૂછવામાં આવે છે કે તમે છેલ્લે ક્યારે તમારી GP પ્રેક્ટિસનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો અને સામાન્ય પ્રેક્ટિસ માટે તમારી એપોઇન્ટમેન્ટ છેલ્લી વખત ક્યારે હતી. તમારો અનુભવ તાજેતરનો છે કે નહીં તે સમજવામાં આ અમને મદદ કરશે.

જો તમને પ્રશ્ન લાગુ પડતો ન હોય તો કૃપા કરી 'લાગુ નથી' (જ્યાં સામેલ હોય) પસંદ કરો અથવા ખાલી રાખો. ઑનલાઇન સર્વે તમારા માટે પ્રસ્તુત ન હોય તેવા કેટલાક પ્રશ્નોને આપમેળે છોડી દેશે. જો તમે કાગળની પ્રશ્નાવલિઓનો ઉપયોગ કરીને ભાગ લેશો, તો અમે સંબંધિત ન હોય તેવા પ્રશ્નોના જવાબ આપવાનું ટાળવામાં તમને મદદ કરવા માટે રાઉટિંગ સૂચનાઓનો સમાવેશ કર્યો છે.

સર્વેમાં ભાગ લેવા માટે તમે લોકોનો સંપર્ક કેવી રીતે કરો છો? શું સર્વે આધારભૂત છે?

તમને NHS England વતી Ipsos દ્વારા GP Patient Survey માં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવશે. આ એક સ્વૈચ્છિક સર્વે છે અને શરૂઆતનું આમંત્રણ પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. એક નાની સંખ્યામાં લોકોને શરુઆતમાં ટેક્સ્ટ મેસેજ દ્વારા અથવા NHS એપ મારફતે આમંત્રિત કરવામાં આવશે. તમે ઓનલાઇન, કાગળ પર અથવા અમારી ટેલિફોન હેલ્પલાઇન પર કોલ કરીને સર્વેમાં ભાગ લઈ શકો છો.

તમને સર્વેમાં ભાગ લેવાનું યાદ દેવડાવતા ટેક્સ્ટ મેસેજિસ, ઈમેલ, WhatsApp મેસેજિસ અથવા NHS એપ નોટિફિકેશન્સ મળી શકે છે.

તમને સર્વેમાં તમારું નામ, સરનામું અથવા બેંક વિગતો જેવી કોઇ ઓળખી શકાય તેવી માહિતી પ્રદાન કરવા માટે કહેવામાં આવશે નહીં. કોઈ પણ વ્યક્તિ તમને આ સર્વેમાં સહભાગી થવા માટે ઘરે કે ટેલિફોન પર તમારો સંપર્ક કરશે નહીં. કોઈ પણ સમયે Ipsos અથવા અન્ય સંશોધન કંપનીઓ દ્વારા ચલાવવામાં આવતા અન્ય સર્વેક્ષણોની શ્રેણી હશે, જેમાંથી કેટલાક આ સર્વેમાં સમાવિષ્ટ પ્રશ્નો જેવા જ પ્રશ્નો પૂછી શકે છે. જો કોઇ એવું કહે કે તેઓ તમને ખાસ કરીને 'GP Patient Survey'માં ભાગ લેવા કહેવા માટે ખાસ કૉલ કે વિઝિટ કરી રહ્યા છે, તો અમે ભારપૂર્વક ભલામણ કરીએ છીએ કે તમે તેમની સાથે વાત ન કરો અથવા તેમને તમારા ઘરમાં ન આવવા દો, અને તમે પોલીસનો સંપર્ક કરો.

જો તમને સર્વે વિશે વધુ કોઇ પ્રશ્નો હોય, તો Ipsos પાસે ફ્રીફોન સર્વે હેલ્પલાઇન છે. કૃપા કરીને 0800 819 9135 (સોમવારથી શુક્રવાર સવારે 8 થી રાત્રે 9 સુધી; શનિવારે સવારે 10 થી સાંજના 5 સુધી) પર કોલ કરો.

સામાન્ય:

0800 વાળા નંબર પર ફોન કરવાનો કેટલો ખર્ચ આવે છે?

યૂકેના સામાન્ય લેન્ડલાઇન ફોન પરથી 0800 વાળા ટેલિફોન નંબર પર ફોન કરવાનો કોઇ ખર્ચ લાગતો નથી.

Ipsos શું છે?

Ipsos એક નોંધાયેલી અને સ્વતંત્ર સર્વે કરનારી સંસ્થા છે અને તે માર્કેટ રિસર્ચ સોસાયટીની નૈતિક આચાર સંહિતાનું ચુસ્તપણે પાલન કરે છે. Ipsos UK અને MORI, જેમના વિશે તમે અલગ-અલગ સાંભળ્યું હશે, ઓક્ટોબર 2005માં ભળી ગયા અને તેમાંથી યૂકેની બીજી સૌથી મોટી સંશોધન એજન્સીનું નિર્માણ થયું.

Ipsos વિશે વધુ માહિતી માટે અહીં જાઓ www.ipsos.com/en-uk

ગોપનીયતા અને ડેટા સંરક્ષણ

આ વિભાગની માહિતી સમજાવે છે કે આ GP Patient Survey માટે અમે તમારા વ્યક્તિગત ડેટાનો ઉપયોગ કેવી રીતે અને શા માટે કરી રહ્યા છીએ. અમે , તમારા અધિકારો અને જો તમને તમારા ડેટાના ઉપયોગ વિશે કોઇ પ્રશ્નો અથવા ચિંતા હોય તો અમારો સંપર્ક કેવી રીતે કરવો તેની રૂપરેખા પણ પૂરી પાડીએ છીએ.

તમને મારી સંપર્ક માહિતી કેવી રીતે મળી?

Ipsos તમને આ પ્રશ્નાવલિ NHS England વતી મોકલી રહ્યું છે. GP સાથે નોંધાયેલા દર્દીઓની NHS સૂચિમાંથી નામો યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યા હતા. NHS Englandએ તમારા વ્યક્તિગત ડેટાની મર્યાદિત પ્રમાણમાં આપ-લે કરી છે જેથી કરીને Ipsos તમને આ સંશોધનમાં ભાગ લેવા માટે આમંત્રિત કરી શકે. આ ડેટામાં શામેલ છે:

- તમારું નામ અને સરનામું
- GP પ્રેક્ટિસ કોડ અને NHS નંબર
- લિંગ અને જન્મનો મહિનો/વર્ષ
- મોબાઇલ ટેલિફોન નંબર (જો ઉપલબ્ધ હોય તો)

Ipsos તમારા ડેટાને ગોપનીય રાખશે અને તમને સર્વેમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવા માટે જ તમારી સંપર્ક વિગતોનો ઉપયોગ કરશે. એકવાર સર્વે પૂરો થઇ જાય પછી, Ipsos તમારી સંપર્ક વિગતોનો સુરક્ષિત રીતે નાશ કરશે, સિવાય કે તમે ભવિષ્યના સંશોધન વિશે ફરીથી સંપર્ક કરવા માટે સંમત થાઓ, આ કિસ્સામાં Ipsos તમારી સંપર્ક વિગતોને 24 મહિના સુધી સુરક્ષિત રીતે રાખશે. Ipsos પાસે તમારા સ્વાસ્થ્ય વિશેની કોઈપણ માહિતી નથી.

મારા વ્યક્તિગત ડેટા પર પ્રક્રિયા કરવા માટેનો તમારો કાનૂની આધાર શું છે?

NHS ને GP પ્રેક્ટિસ અને અન્ય સ્થાનિક NHS સેવાઓ સુધારવા માટે મદદ કરવા માટે NHS England આ સંશોધન કરી રહ્યું છે. આથી દરદીઓના સર્વેના જવાબોની પ્રતિક્રિયા રૂપે તેઓ વધુ સારી રીતે સ્થાનિક જરૂરિયાતોને પૂરી કરી શકશે. NHS દર્દીઓ માટેની સેવાઓ ચાલુ કરવા માટે લોકોને શામેલ કરવા (NHS Act 2006ની કલમ 13Q હેઠળ) તેમની કાનૂની ફરજ છે.

NHS England, GP Patient Survey માટેના વ્યક્તિગત ડેટાની પ્રક્રિયા કરવા માટેના ડેટા નિયંત્રક છે, જેનો અર્થ એ છે કે તેઓ પ્રક્રિયા સામાન્ય માહિતી સુરક્ષા નિયમન (GDPR) નું પાલન કરે છે તેની ખાતરી કરવા માટે જવાબદાર છે.

GP Patient Survey માટે કાયદેસર પ્રક્રિયા માટે NHS England નો આધાર કલમ 6(1) (e) છે - "જાહેર હિતમાં અથવા નિયંત્રણકર્તાને સોંપાયેલ સત્તાવાર અધિકારના ઉપયોગમાં કરવામાં આવેલ કાર્યની કામગીરી માટે પ્રક્રિયા કરવી જરૂરી છે". ખાસ શ્રેણીના અંગત ડેટા (જેમકે આરોગ્ય, જાતિ કે વંશીય મૂળ કે જાતીય પસંદગી વિશેના ડેટા) પર પ્રક્રિયાએ એક વધારાની શરત પૂરી કરવાની રહેશે, કલમ 9(2)(h) "*પ્રક્રિયા કરવી અવરોધક અથવા વ્યાવસાયિક ચિકિત્સાના ઉદ્દેશ્યો માટે, કર્મચારીની કાર્ય કરવાની ક્ષમતાના મૂલ્યાંકન માટે, તબીબી નિદાન માટે, આરોગ્ય અથવા સામાજિક સંભાળ અથવા સારવાર પૂરી પાડવા માટે અથવા આરોગ્ય અથવા સામાજિક સંભાળ પ્રણાલીઓના પ્રબંધન માટે અને સંઘ અથવા સભ્ય દેશના કાયદાના આધારે અથવા કોઈ આરોગ્ય વ્યાવસાયિક સાથે થયેલ કરાર અન્વયે અને શરતો અને સુરક્ષાના ઉપાયોને આધીન જરૂરી છે*". આનો અર્થ એ થયો કે NHS England, યોગ્ય સલામતીનાં પગલાં લેવાયા હોય તો સંશોધન માટે તેઓની પાસે હોય તેવા તમારા વિશેના વ્યક્તિગત ડેટાનો ઉપયોગ કરી શકે છે. Ipsos એ ડેટા પ્રોસેસર છે કે જે સર્વે પહોંચાડવા માટે NHS England ની સૂચનાઓ પર કાર્ય કરે છે.

તમે NHS England ની ગોપનીયતા સૂચના https://www.england.nhs.uk/contact-us/privacy/privacy-notice/ પર જોઈ શકો છો.

સર્વેમાં ભાગ લેવો સ્વૈચ્છિક છે. જો કે, જો તમે ભાગ લેવા માંગતા ન હો, તો કૃપા કરીને GPPatientSurvey@ipsos.com પર ઈમેલ કરો . . ઈમેલમાં, કૃપા કરીને તમારો સર્વે કોડ (પત્રની મધ્યમાં અથવા પ્રશ્નાવલિની સામે સ્થિત છે) શામેલ કરો અને જણાવો કે તમે બહાર નીકળવા માંગો છો.

શું આ સર્વેમાં રાષ્ટ્રીય ડેટા ઑપ્ટ-આઉટ લાગુ કરવામાં આવ્યું છે?

ના. Department of Health and Social Careએ (આરોગ્ય અને સામાજિક સંભાળ વિભાગ) પુષ્ટિ કરી છે કે રાષ્ટ્રીય ડેટા ઑપ્ટ-આઉટ ત્યારે જ લાગુ પડે છે જ્યારે દર્દીની ગુપ્ત માહિતીનો ઉપયોગ વ્યક્તિની સંભાળ સિવાયના અન્ય હેતુઓ માટે કરવામાં આવે છે. દર્દીની ગોપનીય માહિતીમાં, વ્યક્તિ વિશે ક્લિનિકલ ડેટા (જેમ કે કોઈપણ તબીબી સ્થિતિ, પ્રિસ્ક્રિપ્શનો અથવા પ્રાપ્ત થયેલ સંભાળ), અને વ્યક્તિ વિશેની કોઇપણ માહિતી કે જે વ્યક્તિના તબીબી રેકોર્ડ દ્વારા ઍક્સેસ કરવામાં આવી હોય, તે શામેલ છે. GP Patient Survey સર્વે કરવા માટે લોકોને પસંદ કરવા અને તેમનો સંપર્ક કરવા માટે GP પ્રેક્ટિસના પેશન્ટ રજિસ્ટ્રેશન રેકૉર્ડમાંથી મેળવેલ જનસાંખ્યિકીય ડેટા અને સંપર્ક વિગતોનો ઉપયોગ કરે છે. આ વ્યક્તિગત ડેટાને ગોપનીય દર્દીની માહિતી તરીકે વર્ગીકૃત કરવામાં આવી નથી કારણ કે કોઇ ક્લિનિકલ માહિતીનો ઉપયોગ અથવા ઍક્સેસ કરવામાં આવ્યો નથી. આથી, GP Patient Surveyમાં રાષ્ટ્રીય ડેટા ઑપ્ટ-આઉટ લાગુ પડતું નથી.

શું અમને તમારા આરોગ્ય ડેટા સુધી પહોચ મળી છે?

ના, બિલકુલ નહીં. Ipsos ને ફક્ત તમારા GP પ્રેક્ટિસ કોડ અને NHS નંબર, નામ, સંપર્ક વિગતો, મહિનો અને જન્મ વર્ષ અને લિંગ આપવામાં આવ્યાં છે. NHS England એ Ipsos ને તમારા સ્વાસ્થ્ય વિશે કોઈ માહિતી આપી નથી - આ તમારા અને તમારા GP વચ્ચે ગુપ્ત રહે છે.

Ipsos ને તમારો NHS નંબર આપવામાં આવે છે જેથી તેઓ જો તમે અગાઉ સર્વેમાંથી ઑપ્ટ આઉટ કર્યું હોય, તો તમારો ફરીથી સંપર્ક ન કરવાની ખાતરી કરી શકે. તમારી સંપર્ક વિગતોનો ઉપયોગ સર્વે સંબંધિત તમારો સંપર્ક કરવા માટે કરવામાં આવે છે, અને GP કોડનો ઉપયોગ ફક્ત જવાબોને GP પ્રેક્ટિસ સાથે લિંક કરવા માટે કરવામાં આવશે.

જન્મનો મહિનો અને વર્ષ અને જાતિ વિશેની માહિતીનો ઉપયોગ ફક્ત તે ખાતરી કરવા માટે કરવામાં આવશે કે અનામીકૃત સર્વે ડેટા શક્ય તેટલી નજીકથી પ્રેક્ટિસની વસ્તી પ્રોફાઇલ સાથે મેળ ખાય છે. ઉંમર વિશેની માહિતીનો ઉપયોગ Ipsos સર્વેમાં ભાગ લેવા માટે તમારો કેવી રીતે સંપર્ક કરે તે નક્કી કરવા માટે પણ કરવામાં આવે છે. અમે ડેટાસેટમાં સ્થાનિક વિસ્તારની માહિતી ઉમેરવા માટે પોસ્ટકોડનો પણ ઉપયોગ કરીએ છીએ, જેમ કે તમારા વિસ્તારમાં વંચિતતાના સ્તરો (ઇન્ડેક્સ ઑફ મલ્ટિપલ ડેપ્રિવેશન), જેથી ભાર નિર્ધારણ અને વિશ્લેષણમાં મદદ મળે.

તમારી સંપર્ક માહિતી કોની સાથે શેર કરવામાં આવી છે?

સર્વે ચલાવવા માટેIpsos અમુક સપ્લાયર સંસ્થાઓ સાથે કામ કરી રહ્યાં છે. તમને ભાગ લેવા આમંત્રણ આપવા માટે Ipsos ને આ સપ્લાયર સંસ્થાઓ સાથે તમારી સંપર્ક વિગતો શેર કરવાની જરૂર પડશે:

- Mailmetrics; પત્રો અને પ્રશ્નાવલિ છાપવા
- Cisco; ટેક્સ્ટ મેસેજ આમંત્રણો વિતરિત કરવા
- The Delivery Group અને Royal Mail; વિતરણ અને ટપાલ

Google Cloud Platform (GCP) Ipsos ને તમામ એપ અને ડેટા માટે હોસ્ટિંગ સેવાઓ પૂરી પાડે છે, જેનો ઉપયોગ સર્વે પ્રતિભાવો એકત્ર કરવા માટે થાય છેઃ (આ તમામનું સંચાલન Ipsos દ્વારા કરવામાં આવે છે).

આ સપ્લાયર UK GDPRમાન્ય અને સુસંગત છે.

કૂકીઝ

કેટલાક ઓનલાઇન સર્વે 'કૂકીઝ' ના ઉપયોગ દ્વારા માહિતી એકત્રિત કરે છે. તમારા કોમ્પ્યુટર પર સંગ્રહિત ત્યાં નાની ફાઈલ છે. આ ફાઇલોનો ઉપયોગ શક્ય તેટલા ઓછા પ્રમાણમાં અને માત્ર ગુણવત્તા નિયંત્રણ અને માન્યતા માટે ઉપયોગમાં લેવાય છે. તમારા કમ્પ્યુટર પર બ્રાઉઝર સેટિંગ્સને બદલીને તમારા માટે 'કૂકીઝ' ડિલીટ કરવા અથવા તેનો ઉપયોગ રોકવો શક્ય છે.

Ipsos પણ તમારા કમ્પ્યુટરનો ઉપયોગ કરી રહેલા સોફ્ટવેરને અનુરૂપ ફોર્મમાં સર્વેની પ્રશ્નાવલી વિતરિત કરવામાં આવી છે તેની ખાતરી કરવા માટે આપમેળે તમારી ઓપરેટિંગ સિસ્ટમ, ડિસ્પ્લે સેટિંગ્સ અને બ્રાઉઝરના પ્રકાર વિશેની માહિતી કેપ્ચર કરશે. Ipsos તમારા કમ્પ્યુટરમાંથી કોઇપણ અન્ય માહિતી મેળવતા નથી.

તમારા જવાબોનું શું થાય છે? શું તમારા ડૉક્ટર આ સર્વેના તમારા જવાબો જોશે?

એક વખત તમે સર્વે ભરી લો પછી Ipsos તમારા જવાબો અન્ય લોકોના જવાબો સાથે જોડીને પરિણામો પ્રકાશિત કરશે. તમારા વ્યક્તિગત જવાબોને ગોપનીય રાખવામાં આવશે. Ipsosસર્વેમાંથી મેળવેલા તમારા જવાબો માન્ય સંશોધકો સાથે વહેંચી શકે છે, પરંતુ માત્ર તે જ રીતે કે જે તમને ઓળખી ન શકે અને ડેટા પ્રોસેસિંગ અંગેના કડક નિયમોનું પાલન કરે. પ્રકાશિત થયેલાં કોઈ પણ પરિણામોમાં કોઈ તમને ઓળખી શકશે નહીં.

તમારા જવાબો તમારા ડૉક્ટર અથવા GP પ્રેક્ટિસને પાછા મોકલવામાં આવતા નથી. NHS England વતી Ipsos, GP Patient Survey વેબસાઇટ પર તમારી પ્રેક્ટિસના અન્ય પ્રતિસાદ સાથે તેમને અજ્ઞાત રૂપે પ્રકાશિત કરશે : https://gp-patient.co.uk/.

NHS England ના માન્ય સ્ટાફ અને સંશોધનકારો કોણ છે અને તેઓ તારણોનો ઉપયોગ કેવી રીતે કરી શકે છે?

વ્યક્તિગત દર્દી સ્તરે સર્વે ડેટાનો ઉપયોગ કરવા માટે સક્ષમ થવા માટે, NHS England અને અન્ય સંસ્થાઓ દ્વારા કાર્યરત તમામ સ્રોત સંશોધનકારોએ પરવાનગી માટે અરજી કરવી આવશ્યક છે. દરેક એપ્લિકેશનને સખત મંજૂરી પ્રક્રિયામાંથી પસાર થવું આવશ્યક છે, જે કાર્ય કરવામાં આવશે તેનો ઉલ્લેખ કરશે, એક કરાર સાથે કે કોઈપણ પ્રકાશન ફક્ત સંપૂર્ણ અનામી ડેટાનો સંદર્ભ લેશે. અન્ય બધા વપરાશકર્તાઓ ફક્ત રાષ્ટ્રીય, ICS, PCN અથવા પ્રેક્ટિસ સ્તર પર અનામી ડેટાને ઍક્સેસ કરી શકે છે.

જો હું વધુ સંશોધન માટે ફરીથી સંપર્ક કરવા માટે સંમત થઉં તો શું થશે?

સૌ પ્રથમ, ભવિષ્યના કોઈપણ સંશોધનમાં ભાગ લેવો એ સ્વૈચ્છિક છે. તમે ભાગ લેવા માંગો છો કે નહીં તે અગાઉથી નક્કી કરવામાં તમારી સહાય માટે તમને હંમેશાં પૂરતી માહિતી આપવામાં આવશે.

જો તમે ફરીથી સંપર્ક કરવાની પરવાનગી આપી હોય, તો અમે આગામી બે વર્ષ સુધી તમારી સંપર્ક વિગતો સુરક્ષિત રીતે રાખીશું. NHS England તમામ આયોજિત ફોલો-અપ સંશોધનને મંજૂરી આપશે. NHSE Ipsosને પોતાના વતી કોઈપણ નવા સંશોધન વિશે તમને જણાવવા માટે તમારો સંપર્ક કરવા કહેશે અને જો તમે મંજૂરી આપો તો જ માન્ય સંસ્થા સાથે તમારી વિગતો શેર કરશે.

જો તમે ભાવિ સંશોધન માટે સંપર્ક કરાવાની સંમતિ આપી હોય, તો એપ્રિલ 2028 સુધીમાં તમારો ડેટા અમારી સિસ્ટમ્સમાંથી સુરક્ષિત રૂપે હટાવી દેવામાં આવશે. આ સમય પહેલાં કોઈપણ સમયે તમારો વિચાર બદલવાનો તમને અધિકાર છે.
જો તમે 'ના' કહ્યું હોય, તો આ સર્વેના કોઇ પણ ફોલો-અપ સંશોધન વિશે તમારો સંપર્ક કરવામાં આવશે નહીં. અમારી ગોપનીયતા નીતિને અનુરૂપ અમે તમારી સંપર્ક વિગતો અને NHS નંબરને ડિલીટ કરીશું. જો તમને ભાગ લેવા માટે યાદૃચ્છિક રીતેપસંદ કરવામાં આવે તો પણ તમને ભવિષ્યના GP Patient Survey અથવા અન્ય સર્વે વિશે સંપર્ક કરવામાં આવી શકે છે. વધુ માહિતી માટે, કૃપા કરીને મુલાકાત લો: www.gp-patient.co.uk/confidentiality.

તમારો વ્યક્તિગત ડેટા ક્યાં રાખવામાં આવશે અને તેના પર પ્રક્રિયા ક્યાં કરાશે?

સર્વેના જવાબો એકત્રિત કરવા માટે ઉપયોગમાં લેવાતી એપનું સંચાલન જર્મનીના ફ્રેન્કફર્ટમાં Google Cloud Platform (GCP) દ્વારા કરવામાં આવે છે અને તેનું સંચાલન Ipsos દ્વારા કરવામાં આવે છે.

એક વાર તમે ભાગ લો, પછી આ સર્વે માટે વપરાયેલ અને એકત્રિત કરેલા તમારા તમામ વ્યક્તિગત ડેટા Ipsos દ્વારા યુનાઇટેડ કિંગડમના RackSpace UK દ્વારા હોસ્ટ કરાયેલા ડેટા સેન્ટર અને સર્વરોમાં સંગ્રહિત કરવામાં આવશે. RackSpace UK Ipsosગ્રૂપને સંચાલિત હોસ્ટેડ સેવાઓ પૂરી પાડે છે, આ ફક્ત Ipsos માટે જ સમર્પિત ઇન્ફ્રાસ્ટ્રક્ચર છે. RackSpace ઓપરેટિંગ સિસ્ટમ સ્તર સુધીનો સહયોગ પૂરો પાડે છે અને Ipsos તેમની ઇન્સ્ટોલ કરેલ એપ્લિકેશન અને ડેટા સંચાલિત કરે છે. અંગત ડેટા સંશોધનના સમયગાળા દરમિયાન GCPમાં હોસ્ટ કરેલા ડેટા એકત્રીકરણ પ્લેટફૉર્મમાં પણ સંગ્રહિત કરવામાં આવી શકે છે.

અનામીકૃત ડેટાના જે સીમિત સેટનો ઉપયોગ PCN ડેશબોર્ડના નિર્માણ માટે કરવામાં આવશે, તેને GCP પરિવેશમાં સંઘરવામાં આવશે અને યૂએસએ અને કેનેડામાં કામ કરતા Ipsos કર્મચારીઓ દ્વારા તેને ઍક્સેસ કરવામાં આવશે. Ipsos Canadaને સ્થાનાંતરિત કરાયેલ ડેટા 2018ના ડેટા સંરક્ષણ કાયદાની કલમ 17A હેઠળ સંબંધિત પર્યાપ્તતા વિનિયમોને અધીન છે, Ipsos USAને સ્થાનાંતરિત કરાયેલ ડેટામાં સંસદ સમક્ષ પ્રસ્તુત કરાયેલ ઇન્ટરનેશનલ ડેટા ટ્રાન્સફર એડેન્ડમ મુજબની માનક કરારની જોગવાઇઓ મારફતે યોગ્ય સુરક્ષા ઉપાયો લાગુ કરવામાં આવે છે.

અમે કેવી રીતે ખાતરી કરીશું કે તમારો વ્યક્તિગત ડેટાની સુરક્ષિત હોય?

Ipsos તેની માહિતી સુરક્ષા જવાબદારીઓને ગંભીરતાથી લે છે અને તમારી માહિતીને નુકસાન, ચોરી અથવા દુરુપયોગથી સુરક્ષિત છે તેની ખાતરી કરવા માટે વિવિધ સાવચેતીઓ લાગુ કરે છે. સુરક્ષા સાવચેતીઓમાં કાર્યાલયોની યોગ્ય ભૌતિક સુરક્ષા અને કમ્પ્યુટર સિસ્ટમોની નિયંત્રિત અને મર્યાદિત ઍક્સેસનો સમાવેશ થાય છે. વ્યક્તિગત માહિતી સુરક્ષિત રૂપે સંગ્રહિત થાય છે અને પ્રોજેક્ટમાં સીધા સંકળાયેલા કર્મચારીઓ દ્વારા જ જોઇ શકાય તે માટે કડક પગલાં લેવામાં આવ્યા છે.

Ipsos તેના માહિતી સુરક્ષા નિયંત્રણો અને કાર્ય પ્રણાલીઓના નિયમિત આંતરિક અને બાહ્ય ઓડિટ કરે છે અને તે ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ ફોર ઈન્ફોર્મેશન સિક્યુરિટી, ISO 27001 માટે માન્યતા પ્રાપ્ત છે.

પ્રશ્નોના તમારા વ્યક્તિગત જવાબો તમારા નામ, સંપર્ક વિગતો અથવા NHS નંબર સાથે જોડાયેલા નથી. Ipsos, અને NHS Englandના માન્ય સ્ટાફ અસંશોધનકારો, વ્યક્તિગત જવાબોને ગોપનીય માને છે. તેઓ યુકે જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશનના તમામ પાસાઓ અને શરતો અને સુરક્ષિત સ્ટોરેજ માટેની જરૂરિયાતો સહિત અન્ય તમામ સંબંધિત કાયદાઓનું પાલન કરે છે.

જો તમે ફોલો-અપ સર્વે અથવા સંશોધન વિશે તમારો સંપર્ક કરવાની પરવાનગી આપી હોય, તો તમારા જવાબો તમારા નામ અને સંપર્ક વિગતો સાથે જોડાયેલા હોઇ શકે છે. વધુ માહિતી માટે કૃપા કરીને 'જો હું વધુ સંશોધન માટે ફરીથી સંપર્ક કરવા સંમત થાઉં તો શું થાય?' આ FAQ 'ઓનલાઇન સર્વે' હેઠળ જુઓ.

Ipsos કેટલો સમય તમારો અંગત ડેટા અને ઓળખી શકાય તેવા જવાબો જાળવી રાખશે?

Ipsos તમારા ડેટાને ફક્ત એવી જ રીતે જાળવી રાખશે કે જે તમને સંશોધન પ્રોજેક્ટ અને તારણોને ટેકો આપવા માટે જરૂરી હોય ત્યાં સુધી ઓળખી શકે. વ્યવહારિક રીતે, આનો અર્થ એ છે કે એકવાર જ્યારે અમે અનામી સંશોધન તારણોને સંતોષકારક રીતે રિપોર્ટ કરી દઈશું, ત્યારે તમારા વ્યક્તિગત, ઓળખ કરતા ડેટા અને અમારા સપ્લાયર્સના ડેટાને અમારી સિસ્ટમમાંથી અમે સુરક્ષિત રીતે દૂર કરીશું.

આ અભ્યાસ માટે, અમે સપ્ટેમ્બર 2026 સુધીમાં અમારી સિસ્ટમમાંથી તમારા વ્યક્તિગત ડેટાને સુરક્ષિત રીતે દૂર કરીશું

જો તમે સર્વેક્ષણના અંતે ફોલો-અપ સર્વેક્ષણો અથવા સંશોધન વિશે સંપર્ક કરવાની પરવાનગી આપી હોય, તો તમારી સંપર્ક વિગતો એપ્રિલ 2028 સુધીમાં અમારી સિસ્ટમમાંથી દૂર કરવામાં આવશે.

તમારી GP પ્રેક્ટિસ આ સર્વેમાં કેવી રીતે શામેલ છે?

આ પ્રશ્નાવલી ઇંગ્લેન્ડમાં કોઈ GP સાથે નોંધાયેલા લોકોમાંથી યાદૃચ્છિક રીતે પસંદ કરાયે લોકોને મોકલવામાં આવી રહી છે, અને તમારું નામ NHS England પાસેની કોઈ GP સાથે નોંધાયેલા દરદીઓની યાદીમાંથી યાદૃચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યું હતું.

GP પ્રેક્ટિસોને જાણ હોવી જોઈએ કે સર્વે થઇ રહ્યો છે. સર્વે પૂર્ણ થયા પછી, તેમની પાસે પોતાની પ્રેક્ટિસ માટેના અનામીકૃત આંકડાકીય પરિણામોને GP Patient Survey વેબસાઇટ: https://gp-patient.co.uk/ પર ઍક્સેસ હશે.તેઓને વ્યક્તિગત જવાબોને ઍક્સેસ પ્રાપ્ત હશે નહીં.

શું સર્વેને નૈતિક મંજૂરી મળી છે?

2007માં પહેલો સર્વે શરુ કરતા પહેલા, Ipsos એ Central Office for Research Ethics Committee (COREC)ની સલાહ લીધી હતી. Ipsos ને જણાવાયું હતું કે આ સર્વે 'શુદ્ધ સંશોધન' નહીં પણ 'સેવાનું મૂલ્યાંકન' છે – જે GPઓ દ્વારા તેમના દરદીઓને પૂરી પાડવામાં આવતી સેવાનું મૂલ્યાંકન કરે છે. પરિણામે, આ સર્વેમાં ઔપચારિક તબીબી સંશોધન માટે નૈતિક મંજૂરીની જરૂર નથી. જો કે, Ipsos Market Research Societyના સંશોધન નીતિશાસ્ત્રના કોડનું સખત પાલન કરે છે, અને પૂરી પાડવામાં આવેલ દર્દીની વિગતો આ સર્વેના હેતુ સિવાય અન્ય કંઇપણ માટે ઉપયોગમાં લેવામાં આવતી નથી.

UK સામાન્ય ડેટા સંરક્ષણ નિયમન (UK GDPR)

UK GDPRમાં ઘણાંબધાં અધિકારો શામેલ છે, જોકે, જ્યારે પ્રક્રિયા કરવા માટેનો કાનૂની આધાર એક સાર્વજનિક કાર્ય હોય, ત્યારે આમાંના બધાં લાગુ પડતાં નથી, જેમાં તેને હટાવવાનો અધિકાર અને ડેટા પોર્ટેબિલિટીનો સમાવેશ થાય છે.

તમને Ipsos પાસે હોય તેવા કોઈપણ અંગત ડેટાને ઍક્સેસ કરવાની માંગણી સપ્ટેમ્બર 2026 સુધી કરવાનો અધિકાર છે, જ્યારે તેને ડિલીટ કરી દેવામાં આવશે. when it will be deleted. તમે તમાાર અંગત ડેટા અથવા તમે પૂરાં પાડેલાં સર્વેના જવાબો પર પ્રક્રિયા કરાવા સામે ડેટાને રિપોર્ટ કરવા માટે તેના પર પ્રક્રિયા કરવામાં આવે તેની પહેલા (31 માર્ચ 2026) કોઈપણ સમયે વાંધો ઉઠાવી શકો છો.

NHS England એ સામાન્ય રીતે એક મહિનાની અંદર તમારા અધિકારોના સંબંધમાં વિનંતીઓનો જવાબ આપવો જોઈએ, જો કે આમાં કેટલાક અપવાદો છે. NHS England'ની ગોપનીયતા સૂચના તમારા અધિકારો અને તેમના ઉપયોગની રીત વિશે સમજૂતિ આપે છે.

જો તમને તમારા વ્યક્તિગત ડેટા પર પર અમે જે રીતે પ્રક્રિયા કરીએ છીએ તેના વિશે કોઈ ચિંતા હોય, તો તમને માહિતી કમિશનરની કચેરી (ICO) માં ફરિયાદ નોંધાવવાનો અધિકાર છે. તમે માહિતી કમિશનરની ઑફિસનો સંપર્ક કેવી રીતે કરવો તે વિશે વિગતો અહીં મેળવી શકો છો https://ico.org.uk/global/contact-us/ અથવા અહીં ઈમેલ મોકલી શકો છો: casework@ico.org.uk.

આ સર્વે અને/અથવા તમારા અંગત ડેટા વિશે તમે Ipsos અને NHS England નો સંપર્ક કેવી રીતે કરી શકો ?

Ipsosનો સંપર્ક કરો

જો તમને આ સંશોધન વિશે કોઈ પ્રશ્નો હોય, અથવા તમને આ ગોપનીયતા સૂચના, ડેટા સંરક્ષણ કાયદાઓના અમારા અનુપાલન કે અમારી પાસે તમારા વિશે છે તે માહિતી વિશે વધુ માહિતીની જરૂર હોય, તો સંશોધન ટીમનો સંપર્ક સાધો. તેમનો સંપર્ક આ રીતે કરી શકાય છે:

ઈમેલ: GPPatientSurvey@ipsos.com

પોસ્ટ:
The GPPS Team - Ipsos
3 Thomas More Square
London E1W 1YW

NHS England નો સંપર્ક કરો:

ઈમેલ: england.contactus@nhs.net

ટેલિફોન: 0300 311 22 33

પોસ્ટ:
NHS England
PO Box 16738
Redditch
B97 9PT